# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

*Date : 25-08-2024* *Midday : 1.20 to 1.30 PM*
*Day : Sunday* *National News*

આકાશવાણી- સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

*****************************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતના 113મી કડીમાં પોતાના વિચારો રજૂ કર્યા. - રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી અંગે લોકોના ઉત્સાહને પ્રધાનમંત્રીએ બિરદાવ્યા
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક પેડ મા કે નામ અભિયાનમાં જોડાવા અને પેરા ઓલિમ્પિક્સના ખેલાડીઓને પ્રાત્સાહિત કરવા નાગરિકોને અપીલ કરી
- મહારાષ્ટ્રના જલગાંવમાં લખપતિ દીદીના કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ મહિલાઓ સાથે સંવાદ સાધ્યો. - 11 લાખ પ્રમાણપત્રો એનાયત કર્યા
- મંકીપોક્સના સંક્રમણ સામે પૂણેમાં તકેદારીના પગલાં લેવામાં આવ્યા. - એરપોર્ટ ઉપર મુસાફરોની તપાસ કરવામા આવી
- તન્વી પત્રીએ ચીનમાં રમાઇ રહેલી જુનિયર બેડમિંગ્ટન ચેમ્પિયનશીપનો ખિતાબ જીત્યો

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સ્પેસ સેક્ટરમાં સુધારાથી દેશના યુવાનોને ઘણો ફાયદો થયો છે. આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ મહિનાની 23મી તારીખે દેશવાસીઓએ

પહેલો રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવ્યો અને ચંદ્રયાન-3ની સફળતાની ઉજવણી કરી. શ્રી મોદીએ સ્પેસટેક સ્ટાર્ટ-અપ GalaxEye ની ટીમ સાથે પણ વાતચીત કરી જે IIT-મદ્રાસના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

**(બાઇટ – નરેન્દ્ર મોદી ,પ્રધાનમંત્રી)**

શ્રી મોદીએ કહ્યું કે, આ વર્ષે લાલ કિલ્લા પરથી, તેમણે એક લાખ યુવાનોને આગ્રહ કર્યો હતો કે જેઓ રાજકીય પૃષ્ઠભૂમિના નથી, તે લોકો રાજકીય વ્યવસ્થા સાથે જોડાય. તેમણે કહ્યું કે, આ પહેલને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે અને મોટી સંખ્યામાં યુવાનો રાજનીતિમાં આવવા માટે તૈયાર છે.

**(બાઇટ – નરેન્દ્ર મોદી ,પ્રધાનમંત્રી)**

હર ઘર તિરંગા અભિયાન વિશે બોલતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના રિયાસીમાં, વિશ્વના સૌથી ઉંચા રેલ્વે બ્રિજ, ચેનાબ રેલ્વે બ્રિજ પર 750 મીટર લાંબો ધ્વજ ધરાવતી તિરંગા રેલી થઇ હતી. તેમણે કહ્યું કે, અરુણાચલ પ્રદેશના પૂર્વ કામેંગ જિલ્લામાં 600 ફૂટ લાંબા તિરંગા સાથેની યાત્રા કાઢવામાં આવી હતી. આવી જ રીતે દેશના અન્ય રાજ્યોમાં પણ તમામ ઉંમરના લોકોએ આવી તિરંગા યાત્રાઓમાં ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રીએ આસામના તિનસુકિયા જિલ્લામાં એક નાનકડા ગામ બારેકુરી વિશે વાત કરી જ્યાં મોરાન સમુદાયના લોકો રહે છે અને હૂલોક ગિબન્સ સાથે ઊંડો સંબંધ ધરાવે છે. તેમણે કહ્યું, જ્યારે ગામ લોકોને ખબર પડી કે ગિબન્સ કેળાને ખૂબ પસંદ કરે છે, ત્યારે તેઓએ તેમના ખેતરોમાં કેળા ઉગાડવાનું શરૂ કર્યું. શ્રી મોદીએ કહ્યું, અરુણાચલ પ્રદેશમાં કેટલાક યુવાનોએ જંગલી પ્રાણીઓને તેમના શિંગડા અને દાંતના શિકારથી બચાવવા માટે 3-ડી પ્રિન્ટીંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.

પ્રધાનમંત્રીએ મધ્યપ્રદેશના ઝાબુઆમાં સ્વચ્છતા કર્મચારીઓએ કચરામાંથી કલાકૃતિઓ બનાવી તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.. પ્રધાનમંત્રીએ લોકોને કેચ ધ રેઈન

મૂવમેન્ટ અને એક પેડ મા કે નામ અભિયાનમાં ભાગ લેવા વિનંતી કરી. વિશ્વ સંસ્કૃત દિવસ વિશે બોલતા, શ્રી મોદીએ કહ્યું કે, લોકોએ સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવા જોઈએ.

પ્રધાનમંત્રીએ લોકોને તંદુરસ્ત રહેવા પણ અપીલ કરી હતી. સાથે સાથે બાળકોના પોષણ ઉપર પણ ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ કહ્યું, આગામી થોડા દિવસોમાં પેરિસમાં પેરાલિમ્પિક્સ શરૂ થશે જેના માટે તેમણે લોકોને Hashtag Cheer4 bharat સાથે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું. શ્રી મોદીએ આગામી તહેવારો જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, ઓણમ, મિલાદ-ઉન-નબી અને તેલુગુ ભાષા દિવસ માટે લોકોને શુભેચ્છા પાઠવી હતી.

# PM MAHARASTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના જલગાંવ ખાતે લખપતિ દીદી સંમેલનમાં ભાગ લીધો હતો. તેમણે પ્રમાણપત્રો એનાયત કરીને 11 લાખ એવી નવી લખપતિ દીદીઓનું સન્માન કર્યું કે, જેઓ તાજેતરમાં NDA સરકારના ત્રીજા કાર્યકાળ દરમિયાન લખપતિ બન્યા છે. પ્રધાનમંત્રીએ વાર્ષિક 1 લાખ રૂપિયાથી વધુ કમાણી કરનારી લખપતિ દીદીઓ સાથે વાતચીત કરી હતી.

સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજસ્થાનના જોધપુર પહોંચશે. તેઓ રાજસ્થાન હાઈકોર્ટના પ્લેટિનમ જ્યુબિલી સમારોહના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે જોડાશે. શ્રી. મોદી રાજસ્થાન હાઈકોર્ટ મ્યુઝિયમનું પણ ઉદ્ઘાટન કરશે.

# PUNE-MONKEYPOX-MEASURES

મંકીપોક્સ વાયરસના ચેપનું જોખમ વધી રહ્યું હોવાથી, પુણે જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે. છેલ્લા છ દિવસમાં

સિંગાપોર અને દુબઈના 531 મુસાફરોની, પુણે એરપોર્ટ પર તપાસ કરવામાં આવી હતી. જોકે, તેમાંથી એકપણ શંકાસ્પદ દર્દી મળ્યો નહતો.

સાવચેતીના પગલા રૂપે આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરી છે કે એરપોર્ટ પર આવતા તમામ મુસાફરોની તપાસ કરવામાં આવશે. ખાનગી હોસ્પિટલોને શંકાસ્પદ દર્દીઓની જાણ મ્યુનિસિપલ હેલ્થ વિભાગને કરવા અને દર્દીઓના લોહીના નમૂના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (NIV)ને પરીક્ષણ માટે મોકલવા સૂચના આપવામાં આવી છે, એમ પૂણે મ્યુનિસિપલ કૉર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડૉ. નીના બોરાડેએ જણાવ્યું હતું..

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

## R G KAR - CBI

કોલકાતાની આર.જી.કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ કેસમાં નાણાકીય ગેરરીતિઓના મામલે સીબીઆઈની ટીમ આજ સવારથી 15 સ્થળોની મુલાકાત લઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સીબીઆઈની એક ટીમે કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. સંદિપ ઘોષની તેમના નિવાસસ્થાને પૂછપરછ કરી હતી, જ્યારે અન્ય ટીમે કોલેજના પ્રિન્સિપાલ, વાઈસ પ્રિન્સિપાલ, પ્રોફેસર, ભૂતપૂર્વ મેડિકલ સુપરિટેન્ડન્ટ સહિત અન્ય મેડિકલ સપ્લાયરની પણ પૂછપરછ કરી હતી. આ પૂછપરછ દરમિયાન CBIની ટીમ સાથે કેન્દ્રીય ટીમ અને કોલકાતા પોલીસ પણ જોડાઈ હતી.

## NATIONAL SPORTS DAY

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ 29મી ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરવા માટે દેશવ્યાપી રમત – ગમતમાં ભાગ લેવા લોકોને અપીલ કરી છે.

પ્રધાનમંત્રીની ફિટ ઈન્ડિયા ચળવળને આગળ વધારવાના મહત્ત્વ પર ભાર મૂક્તા શ્રી માંડવિયાએ જણાવ્યું કે, પોતાની તંદુરસ્તી જાળવવાની અને સક્રિય રહેવાની દરેક ભારતીયની ફરજ છે. રાષ્ટ્રીય રમતગમત દિવસ એ માત્ર આપણા રમતવીરોનું સન્માન કરવાની તક નથી, પરંતુ રમતગમત આપણને સંતુલિત અને સ્વસ્થ જીવન જાળવવામાં કેવી રીતે મદદ કરી શકે છે તે યાદ અપાવે છે.

શ્રી માંડવિયાએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીનું ખેલેગા ઈન્ડિયા તભી તો ખિલેગા ઈન્ડિયા વિઝન દેશને રમતગમત તરફ અગ્રેસર બનાવશે.

# TANVI PATRI

ભારતની તન્વી પાત્રીએ બેડમિંગ્ટનમાં આજે ચીનમાં ભારતનો ડંકો વગાડ્યો હતો. ચેંગડુ ખાતે એશિયા અંડર-17 અને અંડર-15 જુનિયર ચેમ્પિયનશિપમાં અંડર-15 ગર્લ સિંગલ્સનું ટાઇટલ તન્વીએ જીત્યું હતું.

તન્વીએ ફાઈનલ મેચમાં બીજા ક્રમાંકિત વિયેતનામની ન્ગુયેન થી થુ હ્યુજેનને પરાજય આપ્યો હતો. 13 વર્ષીય શટલરે એક પણ ગેમ ગુમાવ્યા વિના ટાઈટલ જીત્યું હતુ. આ પહેલા સેમિફાઈનલમાં તન્વીએ થાઈલેન્ડની છઠ્ઠી ક્રમાંકિત કુંગકાઈવ કાકાનિકને 21-19, 21-10ના સ્કોરથી હાર આપી હતી. અંડર-17 બોયઝ સિંગલ્સમાં જ્ઞાન દત્તુ ટીટી ઇન્ડોનેશિયાના રાદિથ્યા બાયુ વર્ધના સામે 9-21, 21-13, 21-13થી હારી ગયો અને તે બ્રોન્ઝ મેડલ સાથે ઘરે પરત ફરશે.

# TELEGRAM CEO ARRESTED

મેસેજિંગ એપ્લિકેશન ટેલિગ્રામના સ્થાપક અને સીઈઓ, પાવેલ દુરોવની ગઈકાલે પેરિસની બહાર આવેલા લોબોર્ગેટ એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી.

ફ્રેન્ચ સત્તાવાળાઓએ જણાવ્યું છે કે દુરોવની ધરપકડ ટેલિગ્રામ પ્લેટફોર્મ સાથે જોડાયેલા ગુનાઓ સંબંધિત વોરંટ હેઠળ કરવામાં આવી હતી. દુરોવની ધરપકડ પછી, ફ્રાન્સમાં રશિયન દૂતાવાસ વધુ માહિતી એકઠી કરવા તાત્કાલિક પગલાં લઈ રહ્યું છે.

## IMD---RAINFALL

હવામાન વિભાગે આજે રાજસ્થાન, મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ અને દક્ષિણ ગુજરાત સહિતના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આસામ અને મેઘાલયમાં પણ આજે ભારે વરસાદની સંભાવના છે. ઉત્તર પ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, મરાઠવાડા અને વિદર્ભમાં આજે ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## INDIA-SINGAPORE ROUND TABLE

ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકનો બીજો તબક્કો આવતીકાલે સિંગાપોરમાં યોજાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ, વિદેશમંત્રી એસ જયશંકર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ તથા રેલવે અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આ બેઠકમાં ભાગ લેશે. પ્રવાસ દરમિયાન તમામ કેન્દ્રીય મંત્રીઓ સિંગાપોરમાં તેમના સમકક્ષ મંત્રીઓ સાથે પણ બેઠક કરશે.-